GISCO

**Date: 14-08-2024**

To,
Gen. Manager (DCS)
BSE Limited.
P J Towers, Dalal Street,
Fort, Mumbai-400001

**SUB: INTIMATION OF ADVERTISEMENT IN NEWSPAPER UNDER REGULATION 47 OF SEBI (LISTING OBLIGATIONS AND DISCLOSURE REQUIREMENTS) REGULATIONS 2015.**

**REF: COMPANY CODE BSE: 531913 (GOPAL IRON & STEELS COMPANY (GUJARAT) LIMITED)**

Dear Sir,

Please find enclosed herewith copy of Advertisement given in newspaper of unaudited financial results for the quarter ended on 30th June, 2024 in compliance of Regulation 47 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The said unaudited financial results were reviewed by Audit committee and approved by the Board of Directors at its meeting held on 13th August, 2024.

You are requested to take the same on your record.

Thanking You.

Yours Sincerely,

**FOR, GOPAL IRON AND STEELS COMPANY (GUJARAT) LIMITED**

K.B. Patel

**MRS. KUNDANBEN PATEL**
**MANAGING DIRECTOR**
**(DIN: 03063504)**

GOPAL IRON & STEELS CO. (GUJARAT) LTD. GISCO AHMEDABAD


GOPAL IRON & STEELS CO. (GUJARAT) LTD.
REGD. OFFICE
B-701, Nirman Complex, Opp. Havmor Restaurant, Navrangpura, Ahmedabad-380 009 Gujarat, India.
Ph. +91 98250 96387, +91 90990 73258 • E-mail : gisco_guj@yahoo.in • Website : www.gopaliron.com
CIN : L27101GJ1994PLC022876

હિંડનબર્ગનો રિપોર્ટ પચાવી ગયેલા માર્કેટમાં હવે અસર?

# શેરબજારમાં ૭૦૦ પોઈન્ટનો કડાકોઃ પ્રાયમરી માર્કેટમાં યુનિકોમર્સ-ફર્સ્ટક્રાયનુ શાનદાર લીસ્ટીંગ

રાજકોટ તા.૧૩
અમેરિકી રિસર્ચ એજન્સી હિંડનબર્ગના સેબીના વડા સામેના આરોપ સુચવતા રિપોર્ટને સોમવારે પચાવી લેનાર શેરબજાર આજે ફસડાઈ પડયુ હોય તેમ મંદીનો આંચકો અનુભવાયો હતો. સેન્સેકસમાં ૭૦૦ પોઈન્ટનો કડાકો સર્જાયો હતો. પ્રાયમરી માર્કેટમાં યુનિકોમર્સ તથા ફર્સ્ટક્રાયનુ શાનદાર લીસ્ટીંગ થયુ હતું.

શેરબજારમાં આજે શરૂઆત સાવચેતીના ટોને થયા બાદ કોઈ મોટી લેવાલી ન હોવાથી દબાણ હેઠળ આવી ગયુ હતું. હેવીવેઈટ શેરોમાં વેચવાલી હતી જે પછી રોકડાના શેરો પણ દબાણ હેઠળ આવતા મીડકેપ-સ્મોલકેપ શેરો પણ પાછા પડયા હતા. જાણીતા શેરબ્રોકરોના કહેવા પ્રમાણે ચાલુ તહેવારોની સીઝનમાં એક પછી એક રજા, હિંડનબર્ગનો રિપોર્ટ, વ્યાજદર યથાવત રહેવા છતાં મોંઘી થતી લોન જેવા કારણોથી માર્કેટમાં સાવચેતીનો છે. ઈરાન-ઈઝરાયેલ યુદ્ધનુ ટેન્શન પણ અસરકર્તા છે.

## હેવીવેઈટ-રોકડાના શેરોમાં ગાબડાઃ સેન્સેકસ ૭૯૦૦૦ની નીચે

શેરબજારમાં આજે મોટાભાગના શેરોમાં ગાબડા પડયા હતા. કોટક બેંક, લાર્સન, મારૂતી, એનટીપીસી, પાવરગ્રીડ, સ્ટેટ બેંક, ટાટા મોટર્સ, ટાટા સ્ટીલ, એશિયન પેઈન્ટસ, બજાજ ફાઈનાન્સ, એચડીએફસી બેંક, હિન્દ લીવર, જેએસડબલ્યુ સ્ટીલ, કોટક બેંક, શ્રીરામ ફાઈનાન્સ, ભારત પેટ્રોલિયમ વગેરેમાં ઘટાડો હતો જયારે ટાઈટન, એપોલો હોસ્પીટલ, ડો. રેડ્ડી, ભારતી એરટેલ, રીલાયન્સ મજબૂત હતા.

મુંબઈ શેરબજારનો સેન્સીટીવ ઈન્ડેકસ ૭૨૦ પોઈન્ટના ગાબડાથી ૭૮૯૨૮ હતો તે ઉંચામાં ૭૯૬૯૨ તથા નીચામાં ૭૮૯૧૨ હતો. નેશનલ સ્ટોક એકસચેંજનો નિફટી ૨૨૩ પોઈન્ટ તૂટીને ૨૪૧૨૩ હતો તે ઉંચામાં ૨૪૩૫૯ તથા નીચામાં ૨૪૧૧૬ હતો.

સેકન્ડરી માર્કેટમાં મંદી વચ્ચે પ્રાયમરી માર્કેટ તેજીમાં હતું. બે કંપનીઓના લીસ્ટીંગ શાનદાર હતું. યુનિકોમર્સનું ૧૦૮ના મુળભાવ સામે ૨૩૫માં લીસ્ટીંગ થયુ હતું. ઈન્વેસ્ટરોને ૧૦૦ ટકાથી વધુનો નફો થયો હતો.

આ જ રીતે ફર્સ્ટક્રાયનુ લીસ્ટીંગ ૪૬૫ના મૂળભાવ સામે ૬૫૧માં થયુ હતું.



લિડર પોલીસ કૌભાંડ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં ઈડી-સીબીઆઈ દ્વારા ધરપકડ કરેલા દિલ્હીના પૂર્વ નાયબ મુખ્યમંત્રી મનિષ સિસોદિયાને સુપ્રીમ કોર્ટે જામીન મંજુર કરતાં જેલમાંથી ૧૭ મહિના બાદ બહાર આવ્યા છે. તસ્વીરમાં મનિષ સિસોદિયા ઘરમાં તેમના બાળકો સાથે મુક્તિનો આનંદ માણી રહ્યા છે તેમના પત્ની સીમા સિસોદિયા તેમને નિહાળી રહ્યા છે.

# વ્યકિતગત ધર્મ પરિવર્તન કરાવવાનો હકક સામુહિક અધિકારમાં નથી બદલી જતોઃ હાઈકોર્ટ

પ્રયાગરાજ તા.૧૩
અલાહાબાદ હાઈકોર્ટે એક ચુકાદામાં અરજદારની જામીન અરજી ફગાવતા કહ્યું હતું કે સંવિધાન દરેક વ્યકિતને પોતાનો ધર્મ માનવા તેનું પાલન કરવા અને તેનો પ્રચાર કરવાનો અધિકાર આપે છે. પણ આ વ્યકિતગત અધિકાર ધર્મ પરિવર્તન કરાવવાના સામુહીક અધિકારમાં બદલી જતો નથી. ધાર્મિક સ્વતંત્રતા ધર્મ પરિવર્તન કરાવનાર ભકિત અને ધર્માતરિત થનાર વ્યકિત બન્નેને સમાનરૂપે મળે છે.

અરજદાર અઝીમ પર યુવતીને જબરજસ્તીથી ઈસ્લામ કબુલ કરાવવા અને તેનું યૌન શોષણ કરાવવાના આરોપમાં ઉતરપ્રદેશ વિધી વિરૂદ્ધ ધર્મ પરિવર્તન નિષેધ અધિનિયમ ૨૦૨૧ અંતર્ગત કેસ દાખલ થયો છે.

આરોપીનું કહેવુ છે કે તેને ખોટી રીતે ફસાવાયો છે. પીડિતા તેની સાથે સંબંધમાં હતી તેણે સ્વૈચ્છાએ પોતાનુ ઘર છોડયુ હતું. તેણે સંબંધીત કેસમાં ધારા ૧૬૧ અને ૧૬૪ સીઆરપીસી અંતર્ગત નોંધાયેલા નિવેદનોમાં પોતાના લગ્નની પુષ્ટિ કરી હતી.

આ કેસમાં સરકારી વકીલે જામીનનો વિરોધ કરતાં આ કેસમાં યુવતીના નિવેદનમાં ઈસ્લામ અપનાવવા દબાણ કરવાના આરોપની સાથે સાથે ધર્મ પરિવર્તન વિના લગ્ન થયા હતા.વકીલે દલીલ કરી હતી કે અરજદારનો પરિવાર યુવતીને ઈસ્લામ કબુલ કરવા મજબુર કરી રહ્યો હતો.

# કુમકુમ મંદિર ખાતે ભવ્ય હિંડોળા ઉત્સવ ઉજવાયો



અમદાવાદ,તા.૧૩
સદગુરૂ શાસ્ત્રી શ્રી આનંદપ્રિયદાસજી સ્વામી સંસ્થાપિત શ્રી સ્વામિનારાયણ મંદિર- કુમકુમ મણીનગર ખાતે શ્રી સ્વામિનારાયણ ભગવાનને રંગબેરંગી ફુલોના અદ્‌ભૂત હિંડોળામાં જે રીતે ઝુલાવવામાં આવતા હતા તેવી રીતે ઝુલાવીને સંતો હરિભકતોએ દિવ્ય સ્મૃતિ કરી, આ હિંડોળાના અનેક ભાવિક ભકતોએ દર્શનનો લાભ લીધો હતો.

આ પ્રસંગે કુમકુમ મંદિરના સાધુ પ્રેમવત્સલદાસજી જણાવ્યું હતું કે, શ્રી સ્વામિનારાણ ભગવાનના સમયથી સ્વામિનારાયણ સંપ્રદાયના મંદિરોમાં એક માસ સુધી હીડોળા ઉત્સવ ઉજવાય છે. આ હીડોળા ઉત્સવ આપણને જીવન જીવવાનો મર્મ પણ શીખવાડે છે.

અદાણી-સેબી વડા વચ્ચેની સાંઠગાંઠની ઉંડાણપૂર્વક તપાસ અનિવાર્ય હોવાનું કોંગ્રેસ વડાનું નિવેદન

# હિંડનબર્ગ રિપોર્ટ મામલે કોંગ્રેસનુ ૨૨મીએ દેશવ્યાપી વિરોધ પ્રદર્શન

નવી દિલ્હી તા.૧૩
અમેરિકી રિસર્ચ એજન્સી હિંડનબર્ગે અદાણી ધડાકા બાદ હવે સેબીના વડા સામે આરોપ મુકતો રિપોર્ટ જાહેર કર્યાના તીવ્ર રાજકીય પ્રત્યાઘાતો પડયા જ છે ત્યારે હવે કોંગ્રેસે આગામી ૨૨ ઓગષ્ટે દેશવ્યાપી વિરોધ પ્રદર્શન કરવાનું એલાન જાહેર કર્યુ છે. સેબીના વડા માધવીપુરી બુચના રાજીનામા તથા સંયુકત સંસદીય સમીતી મારફત તપાસ યોજવાની માંગણી સાથે આ વિરોધ પ્રદર્શન કરવામાં આવશે.

કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ પાર્ટીના તમામ મહામંત્રી, તમામ રાજયોના પ્રમુખો અને ઈન્ચાર્જો સાથે વિસ્તૃત બેઠક યોજયા બાદ આ નિર્ણય જાહેર કર્યો હતો. દેશના ચાર રાજયોમાં વિધાનસભા ચુંટણીની તૈયારી માટે યોજાયેલી બેઠકમાં અદાણી સેબી મુદે પણ વિરોધ કરવાનુ નકકી કરવામાં આવ્યું હતું.

## સેબીના વડા માધવીપુરી બુચના રાજીનામા અને સંયુક્ત સંસદીય સમીતી મારફત તપાસ યોજવાની માંગ સાથે દેશભરમાં દેખાવો યોજશે

કોંગ્રેસ પ્રમુખ ખડગેએ ટવીટ મારફત જણાવ્યું હતું કે અદાણી અને સેબી વચ્ચેની સાંઠગાંઠની ઉંડાણપૂર્વક તપાસ કરવાનું અનિવાર્ય છે. શેરબજારમાં નાના રોકાણકારોના નાણાની સુરક્ષા સાથે બાંધછોડ ન થઈ શકે. મોદી સરકારે સેબીના વડાનું તાત્કાલીક રાજીનામુ લઈ લેવુ જોઈએ અને તપાસ માટે સંયુક્ત સંસદીય સમીતીનું ગઠન કરવું જોઈએ. કોંગ્રેસ નેતા કે.સી.વેણુગોપાલે જણાવ્યું હતું કે બંને માંગણીઓ વિશે સરકાર પર દબાણ લાવવા માટે ૨૨ ઓગષ્ટે દેશભરમાં વિરોધ પ્રદર્શન યોજવામાં આવશે.

કેન્દ્ર સરકારે ન્યુઝ ચેનલો માટે એડવાઈઝરી જાહેર કરી

# ન્યુઝ ચેનલોએ કુદરતી આફતો-દુર્ઘટનાઓના દ્રશ્યો સમય અને તારીખ સાથે દર્શાવવા પડશે

નવી દિલ્હી તા.૧૩
કેન્દ્ર સરકારે સોમવારે ખાનગી ન્યૂઝ ચેનલોને એક એડવાઈઝરી જાહેર કરીને કુદરતી આફતો અને મોટી દુર્ઘટનાઓના દ્રશ્યો દર્શાવતી વખતે તારીખ અને સમય દર્શાવવા જણાવ્યું હતું.માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલી એડવાઈઝરીમાં કહેવામાં આવ્યું છે કે ટેલિવિઝન ચેનલો ઘણા દિવસો સુધી કુદરતી આફતો અને મોટા અકસ્માતોનું સતત કવરેજ આપે છે પરંતુ ઘટનાના દિવસના ફૂટેજ જ સતત પ્રસારિત કરતી રહે છે.

## દુર્ઘટનાના ઘણા દિવસો બાદ આવા દ્રશ્યો પ્રસારિત કરવાથી દર્શકોમાં ભ્રમ-ગભરાટ પેદા થાય છેઃ સરકારઃ બ્રોડકાસ્ટીંગ બિલ- ૨૦૨૪ પાછું ખેંચાયું

મંત્રાલયે દલીલ કરી હતી કે કુદરતી આફતો અથવા દુર્ઘટનાના ઘણા દિવસો પછી ટેલિવિઝન ચેનલો દ્વારા બતાવવામાં આવતા ફૂટેજ વાસ્તવિક સ્થિતિને પ્રતિબિંબિત કરતા નથી જેના કારણે "દર્શકોમાં બિનજરૂરી ભ્રમ અને ગભરાટ" પેદા થાય છે. તેથી દર્શકોમાં કોઈ ગેરસમજ ન થાય તે માટે તમામ ખાનગી ટીવી ચેનલોને સલાહ આપવામાં આવે છે કે કુદરતી આફતો અથવા મોટા અકસ્માતોના દ્રશ્યોના ફૂટેજ બતાવતી વખતે તેની ટોપ પર 'તારીખ અને સમય' દર્શાવવામાં આવવો જોઇએ.

ડૉક્ટર રેપ-મર્ડર કેસ

# કોલકાતા ટ્રેઈની ડૉક્ટર રેપ-મર્ડર કેસમાં હાઈકોર્ટે આપ્યા CBI તપાસના આદેશ

કોલકાતા, તા.૧૩
સમગ્ર દેશમાં હાલ ચર્ચાસ્પદ બનેલા કોલકાતા ટ્રેઈની ડૉક્ટર રેપ-મર્ડર કેસમાં હાઈકોર્ટે CBI તપાસના આદેશ આપ્યા છે. પશ્ચિમ બંગાળમાં કોલકાતાના આરજી કર મેડિકલ કોલેજમાં એક ટ્રેઈની ડોક્ટર સાથે થયેલી બર્બરતાએ દરેકને હચમચાવી મૂક્યા છે. પોલીસે આ મામલે દુષ્કર્મનો કેસ નોંધ્યો અને સીસીટીવીના આધારે એક વ્યક્તિની ધરપકડ કરી છે. લેડી ડૉક્ટર મેડિકલ કોલેજના સેમિનાર હોલમાં બેભાન હાલતમાં મળી હતી. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે તેની બંને આંખો અને મોઢામાંથી લોહી વહી રહ્યું હતું, ચહેરા અને નખ પર ઈજા હતી. પીડિતાના પ્રાઈવેટ પાર્ટમાંથી પણ લોહી વહી રહ્યું હતું.

તેના પેટ, ડાબા પગ, ગરદન, જમણો હાથ અને હોઠ પર પણ ઈજા હતી. બે મહિલા સાક્ષી અને મહિલાની માતા પોસ્ટમોર્ટમ દરમિયાન હાજર હતાં, જેને કેમેરામાં રેકોર્ડ કરવામાં આવ્યુ. કોલકાતા પોલીસના એક અન્ય વરિષ્ઠ અધિકારીએ કહ્યું કે ગુનો સવારે ૩થી ૬ વાગ્યાની વચ્ચે થયો. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ પીડિતાના માતા-પિતા સાથે વાત કરી છે. પરિવારે તેમને મામલાની નિષ્પક્ષ તપાસની વિનંતી કરી હતી.

# અમદાવાદ ફાયર બ્રિગેડના ૪ અધિકારીઓને ૨ દિવસમાં જવાબ રજુ કરવા જણાવાયું

અમદાવાદ,તા.૧૩
અમદાવાદ મહાનગર પાલિકાના ફાયર બ્રિગેડમાં ફરજ બજાવતા ૩ ડિવિઝનલ ફાયર ઓફિસર સહિત ૯ અધિકારીઓને બોગસ સ્પોન્સરશીપ બદલ શો-કોઝ નોટીસ આપવામાં આવી છે. જેમાં ૪ જેટલા અધિકારી દ્વારા ગુજરાત સિવિલ સર્વિસ નિયમ પ્રમાણે જવાબ આપવા ૩૦ દિવસનો સમય એટલે વધુ ૨૧ દિવસનો સમય માંગવામાં આવ્યો હતો જો કે, મ્યુનિ. કમીશનર દ્વારા બે દિવસનો સમય આપવામાં આવ્યો છે. આવતીકાલે જવાબ રજુ કરવાના રહેશે.ડિવિઝન ફાયર ઓફીસર ઓમ જાડેજા, સ્ટેશન ઓફિસર મેહુલ ગઢવી, સુભમ ખડિયા અને સુધીર ગઢવીએ ૩૦ દિવસનો સમય માંગ્યો હતો. જો કે, કમીશનર દ્વારા ૧૦ દિવસનો સમય આપવામાં આવ્યો છે જેને લઈને ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી છે. જો કે, હાઈકોર્ટ તેઓને સમય આપવા જણાવ્યું છે.



અમેરિકામાં બીએપીએસ સંસ્થાની સ્થાપનાને પચાસ વર્ષ પૂર્ણ થતાં, કેલીફોર્નીયા રાજ્યની વિધાનસભાએ, સંસ્થાનું બહુમાન કરતો કરેલ ઠરાવ પૂજ્ય ડો. જ્ઞાનવત્સલ સ્વામી તથા પૂજ્ય સંતોને ધારાસભા ગૃહમાં અર્પણ કર્યો હતો. પાંચમી ઓગસ્ટે ધારાસભાના સત્રમાં યોજાયેલ આ કાર્યક્રમની તસ્વીરમાં સંતોને બહુમાન અર્પણ કરતાં સભ્ય એલેકસ લી સેનેટર ડેવ કોર્ટીસ એ મુલાકાત શુભેચ્છા પાઠવી હતી.




# ખૂશ્બૂ આસ્કીમે અમદાવાદમાં નવો સ્ટોર-રેસ્ટોરન્ટ શરૂ કરી

અમદાવાદ, તા. ૧૩
રાજકોટની એક પ્રિય અને વખણાયેલી બ્રાન્ડ ખુશ્બુ આઈસ્ક્રીમ, અમદાવાદમાં તેના વિસ્તરણની જાહેરાત કરવા માટે ઉત્સાહિત છે. કંપની વાઈબ્રન્ટ શહેરમાં તેનો પ્રથમ સ્ટોર અને રેસ્ટોરન્ટ- કુડોઝ ખોલશે, જે તેની સફરમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે.

ખુશ્બુ આઈસ્ક્રીમનો આ નવો સ્ટોર અમદાવાદમાં વિજય ક્રોસ રોડ ખાતે આવેલ છે. તે તમામ આઈસ્ક્રીમ પ્રેમીઓ માટે આનંદદાયક અનુભવનું વચન આપતા ક્લાસિકફેવરેટ્સથી લઈને ઈનોવેટિવ ક્રિએશન્સ સુધીના ફ્લેવર્સની વિશાળ શ્રેણી ઓફર કરશે.ખુશ્બૂ કૂલ પ્રોડક્ટ લિમિટેડના ડિરેક્ટર અને કુડોઝના સ્થાપક હર્ષ પોકિયાએ જણાવ્યું હતું કે, "અમે અમદાવાદમાં અમારા સિગ્નેચર આઈસ્ક્રીમ એક્સપિરિયન્સ લાવવા માટે રોમાંચિત છીએ. અમારું મિશન દરેક સ્કૂપ સાથે આનંદ ફેલાવવાનું છે અને અમે શહેરના ડાયનેમિક ફૂડ સીનનો ભાગ બનવા આતુર છીએ."

## વિવિધ ફ્લેવર્સની વિશાળ શ્રેણી ઓફર કરશે

### નામ બદલેલ છે

જુનું નામ રાઘવાણી મહેન્દ્રકુમાર નાનાલાલ નવું નામ શાહ મહેન્દ્રકુમાર નાનાલાલ. સરનામું : ૩૪/ડી, શ્રી હરિપાર્ક સોસાયટી, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩

### નામ બદલેલ છે

મારૂ નામ કાગઝી હામીદભાઈ મોહંમદહુસેન થી બદલી કાગઝી હામીદ મોહંમદહુસેન રાખેલ છે. ૧૧૭૫, કરોડા પોળ, પાંચપટ્ટી, કાલુપુર, અમદાવાદ

### નામ બદલેલ છે

મારા પુત્રનું જૂનું નામ ધ્રુવિલ વિજયભાઈ બજાણીયા બદલીને નવું નામ ધુવિલ વિજય નાયક સરનામું : ડી-૭૦૨, કર્ણાવતી એન્કલેવ, ૩ ધૂન સ્કૂલની પાસે, ન્યુ મણીનગર, રામોલ, અમદાવાદ-૩૮૨૪૪૯

### નામ બદલેલ છે

જૂનું નામ લતા બજાણીયા નવું નામ લતા વિજય નાયક સરનામું : ડી-૭૦૨, કર્ણાવતી એન્કલેવ, ૩ ધૂન સ્કૂલની પાસે, ન્યુ મણીનગર, રામોલ, અમદાવાદ-૩૮૨૪૪૯

### નામ બદલેલ છે

જૂનું નામ વિજય બજાણીયા નવું નામ વિજય મણીલાલ નાયક સરનામું : ડી-૭૦૨, કર્ણાવતી એન્કલેવ, ૩ ધૂન સ્કૂલની પાસે, ન્યુ મણીનગર, રામોલ, અમદાવાદ-૩૮૨૪૪૯

### નામ બદલેલ છે

મે મારૂ જુનુ નામ નયનકુમાર અતુલભાઈ જયસ્વાલ થી બદલીને નવુ નામ નયનકુમાર અતુલકુમાર જયસ્વાલ રાખેલ છે. ફ્લેટ નં. એચ-૨૦૧, બ્લુ આઈરિસ-૧, વસ્ત્રાલ, અમદાવાદ

**શ્રી કે. આર. ચૌધરી, મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, પાલનપુર (શહેર)ની કોર્ટમાં**

જન્મ મરણ અરજ નં.૯૧/૨૦૨૪

**વિવાદી :-**
શ્રી ચંપાબેન મફાભાઈ તાવડિયા,
રહે.હરીજન કોલોની, કમાલપુરા, પાલનપુર, જી.બ.કાં.

**પ્રતિવિવાદી :-**
(૧) ચીફ ઓફિસરશ્રી,
નગરપાલિકા, પાલનપુર.

**અરજઃ-** જન્મ મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૨(૩) મુજબ મરણનો દાખલો મેળવવા બાબત.

આથી તમામ લાગતા વળગતા ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદારશ્રી ચંપાબેન મફાભાઈ તાવડિયા ના પતિશ્રી તાવડીયા મફાભાઈ કેવાભાઈનું મરણ તા.૧૭/૧૧/૨૦૦૮ના રોજ પાલનપુર ખાતે થયેલ છે. પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમના મરણની નોંધણી પાલનપુર નગરપાલિકાના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય મરણની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધો યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૯/૦૮/૨૦૨૪ના રોજ સહી તથા સિક્કો કરી આપેલ.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | હુકમથી |
|---|---|---|
| (વી.પી. ચૌધરી) | (એસ.બી. ગઢવી) | (કે.આર. ચૌધરી) |
| કારકુન | નાયબ મામલતદાર | એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ |
| પાલનપુર(શહેર) | પાલનપુર(શહેર) | પાલનપુર (શહેર) |

**GOPAL IRON AND STEELS COMPANY (GUJARAT) LIMITED**
CIN : L27101GJ1994PLC022876
B-701, Nirman Complex, B/h. Navrangpura Bus Stand, Ahmedababd - 380009 GJ IN
**EXTRACT FROM THE STANDALONE UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED ON 30.06.2024** (Rs. in Lacs)

| Sr. No | Particulars | Quarter ended on 30/06/2024 | Previous year ended on 31/03/2024 | Corresponding 3 Months ended on 30/06/2023 |
|---|---|---|---|---|
| 1 | Total Income from Operations | 154.04 | 430.03 | 0 |
| 2 | Net Profit / (Loss ) for the period (before Tax, Exceptional and / or Extraordinary items) | 4.03 | 5.52 | -0.47 |
| 3 | Net Profit / ( Loss ) for the period before Tax (after Exceptional and/or Extraordinary items) | 4.03 | 5.52 | -0.47 |
| 4 | Net Profit / (Loss ) for the period after Tax (after Exceptional and / or Extraordinary items) | 4.03 | 5.52 | -0.47 |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit/ (loss) for the period (after tax) and other Comprehensive Income (after tax)] | 0.00 | 0.00 | 0.00 |
| 6 | Equity Share Capital | 491.71 | 491.71 | 491.71 |
| 7 | Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of Previous Year) | -394.64 | -557.65 | -557.65 |
| 8 | Earnings Per Share (of Rs.10/- each) (for continuing and discontinued operations) - Basic | 0.08 | 0.11 | -0.01 |
| | - Diluted | 0.08 | 0.11 | -0.01 |

Notes : (1) The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchange under Regulation 33 of SEBI (Listing and Other Disclosure Requirements) Regulation, 2015. The full Format of the financial Results are available on the Stock Exchange website (www.bseindia.com) and on the Company website (www.gopaliron.com)
(2) The result of the Quarter ended on 30th June, 2024 were reviewed by the Audit Committee and approved by the Board of Director at its meeting held on 13.08.2024

Place : Ahmedabad
Date : 13/08/2024
By Order of the Board of Directors
For, Gopal Iron and Steels Company (Gujarat) Limited
sd/- **Mrs. Kundanben Patel**
Managing Director - DIN : 03063504

**DARSHAN ORNA LIMITED** CIN : L36910GJ2011PLC063745
Address : Survey No. 02105+2106/3/Lawar Ni Pole, Shekh Sariya Chambers, Madan Gopal Haveli Road, Manek Chowk, Ahmedabad, Gujarat, 380001 || Email id : darshanornalimited@gmail.com; || Tel. No. : 079-22142568; || Web : www.darshanorna.co.in
**STATEMENT OF STANDALONE UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED ON 30TH JUNE, 2024** (Rs. in Lakhs)

| Sr. No | Particulars | 3 Months ended on 30-06-2024 Unaudited | 3 Months ended on 31-03-2024 Audited | 3 Months ended on 30-06-2023 Unaudited | Year ended on 31-03-2024 Audited |
|---|---|---|---|---|---|
| 1 | Total Income | 841.74 | 682.58 | 180.40 | 2431.16 |
| 2 | Net Profit for the year before tax | 13.58 | 138.21 | 9.87 | 312.17 |
| 3 | Net Profit for the year after tax | 10.33 | 130.4 | 7.87 | 267.17 |
| 4 | Total Comprehensive Income for the year | 10.33 | 130.4 | 7.87 | 267.17 |
| 5 | Paid up Equity Share Capital (At par value of Rs 2/- each) | 1000.59 | 1000.59 | 1000.59 | 1000.59 |
| 6 | Other Equity Excluding Revaluation Reserve | - | - | - | - |
| 7 | Earnings per Share (Face Value of Rs.2/- each) Basic & Diluted | 0.02 | 0.26 | 0.08 | 0.53 |

Note : (a) The above financial result were reviewed and recommended by the Audit Committee and approved by the Board of Directors at their meeting held on 13.08.2024 (b) The Statutory Auditors have carried out Limited Review of the above standalone Unaudited financial results for the quarter ended on June 30th, 2024 as required under Regulation 33 of SEBI (Listing Obligations & Disclosure Requirements) Regulations, 2015. (c) The above is an extract of the detailed format of Quarterly Unaudited Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results are available on the websites of the Stock Exchange(s) and the listed entity. (www.bseindia.com) (d) The figures for the previous quarters / periods are re-arranged / re-grouped, wherever considered necessary.
For and on behalf of Darshan Orna Limited
Place : Ahmedabad || Date : 13/08/2024 sd/- **Ritesh Mahendrabhai Sheth**, Managing Director - DIN : 07100840

**VEERAM SECURITIES LIMITED** CIN : L65100GJ2011PLC064964
Address : Ground Floor & First Floor, 7, Natvarshyam Co Op Ho So Ltd, Opp. Orchid Park, Ramdevnagar Road, Sattelite, Vejalpur, Ahmedabad, Gujarat, 380051 || Email id : veeramsecurities2011@gmail.com; || Tel. No. : +91-9925266150 || Web : www.veeramsecuritiesltd.com
**STATEMENT OF STANDALONE UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED ON 30TH JUNE, 2024** (Rs. in Lakhs)

| Sr. No | Particulars | 3 Months ended on 30-06-2024 Unaudited | 3 Months ended on 31-03-2024 Audited | 3 Months ended on 30-06-2023 Unaudited | Year ended on 31-03-2024 Audited |
|---|---|---|---|---|---|
| 1 | Total Income | 861.00 | 527.38 | 455.36 | 1952.30 |
| 2 | Net Profit for the year before tax | 131.19 | 149.15 | 62.69 | 329.65 |
| 3 | Net Profit for the year after tax | 101.19 | 97.57 | 54.69 | 246.17 |
| 4 | Total Comprehensive Income for the year | 101.19 | 97.57 | 54.69 | 246.17 |
| 5 | Paid up Equity Share Capital (At par value of Rs 2/- each) | 1512.82 | 1512.82 | 1512.82 | 1512.82 |
| 6 | Other Equity Excluding Revaluation Reserve | - | - | - | - |
| 7 | Earnings per Share (Face Value of Rs.2/- each) Basic & Diluted | 0.13 | 0.13 | 0.07 | 0.33 |

Note : (a) The above financial result were reviewed and recommended by the Audit Committee and approved by the Board of Directors at their meeting held on 13.08.2024 (b) The Statutory Auditors have carried out Limited Review of the above standalone Unaudited financial results for the quarter ended on June 30th, 2024 as required under Regulation 33 of SEBI (Listing Obligations & Disclosure Requirements) Regulations, 2015. (c) The above is an extract of the detailed format of Quarterly Unaudited Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results are available on the websites of the Stock Exchange(s) and the listed entity.(www.bseindia.com) (d) The figures for the previous quarters/periods are re-arranged/re-grouped, wherever considered necessary.
For and on behalf of Veeram Securities Limited
Place : Ahmedabad || Date : 13/08/2024 sd/- **Mahendrabhai Ramniklal Sha**, Managing Director - DIN : 03144827

MANGALAM
**MANGALAM SEEDS LIMITED**
**CIN: L01112GJ2011PLC067128**
**Regd Office :** 202, Sampada Complex, B/h. Tulsi Complex, Mithakhali Six Roads, Navrangpura, Ahmedabad- 380009.
**Ph:** 079-26447302, **E-mail :** cs@mangalamseeds.com, **Website:** www.mangalamseeds.com
**STATEMENT OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED JUNE 30, 2024**
(Amount in Lakh Rupees)

| PARTICULARS | Consolidated | | | |
|---|---|---|---|---|
| | Quarter ended | | | Year Ended |
| | 30-June-24 (Unaudited) | 30-Jn-2023 (Unaudited) | 31-Mar-24 (Audited) | 31-Mar-24 (Audited) |
| Total Revenue from Operations | 3221.14 | 2318.28 | 2137.79 | 11236.28 |
| Profit before exceptional and extraordinary items & tax | 431.58 | 379.63 | 209.60 | 1589.19 |
| Profit before Tax | 431.58 | 379.63 | 209.60 | 1589.19 |
| Profit for the period | 383.54 | 282.91 | 220.12 | 1318.32 |
| Total Comprehensive Income | 382.94 | 283.71 | 219.82 | 1320.93 |
| Paid up Equity Share Capital (Equity Shares of Rs. 10/- each) | 1,098.02 | 1,098.02 | 1,098.02 | 1,098.02 |
| Other Equity excluding Revaluation Reserve | 00.00 | 00.00 | 00.00 | 5878.11 |
| Earning Per Share Basic: | 3.49 | 2.58 | 2.01 | 12.01 |
| Diluted: | 3.49 | 2.58 | 2.01 | 12.01 |

The above unaudited consolidated financial results of the Company have been reviewed by the Audit Committee and approved by the Board of Directors at their respective meetings held on August 13, 2024
**Additional Information related to Standalone Financial Results :** (Amount in Lakh Rupees)

| PARTICULARS | Standalone | | | |
|---|---|---|---|---|
| | Quarter ended | | | Year Ended |
| | 301-June-24 (Unaudited) | 30-Jun-2023 (Unaudited) | 31-Mar-24 (Audited) | 31-Mar-24 (Audited) |
| Total Revenue from Operations | 2962.63 | 2300.90 | 1336.96 | 10005.03 |
| Profit before exceptional and extraordinary items & tax | 414.03 | 369.94 | 221.74 | 1591.87 |
| Profit before Tax | 414.03 | 369.94 | 221.74 | 1591.87 |
| Profit for the period | 370.09 | 274.97 | 224.80 | 1318.38 |
| Total Comprehensive Income | 369.49 | 275.77 | 224.50 | 1320.99 |
| Paid up Equity Share Capital (Equity Shares of Rs. 10/- each) | 1,098.02 | 1,098.02 | 1,098.02 | 1,098.02 |
| Other Equity excluding Revaluation Reserve | 00.00 | 00.00 | 00.00 | 5876.54 |
| Earning Per Share Basic: | 3.37 | 2.50 | 2.05 | 12.01 |
| Diluted: | 3.37 | 2.50 | 2.05 | 12.01 |

**Note :** The above is an extract of the detailed format of unaudited Consolidated Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the unaudited Quarterly Financial Results (Consolidated and Standalone) are available on Company's website- www.mangalamseeds.com and also on the website of the stock exchange i.e. BSE Limited– www.bseindia.com
**Place : Ahmedabad**
**Date : 14.08.2024**
**For, Mangalam Seeds Limited,**
**Sd/-, Pravinbhai Patel, Managing Director**

